# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives




PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી છે.

**November 2024** | **Issue No. 60** | **A monthly newsletter**

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન દ્વારા સમાવેશી સમુદાય માટે પ્રભાત દ્વારા થતી પ્રક્રિયાઓને અહી રજુ કરી છે. જેમાં બાળકો તથા સમુદાય સાથેના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકશો.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## મળીએ એક એવા પિતાને કે જેમણે બાળકને સંપૂર્ણ રીતે સ્વીકાર કરી તેનું જીવન સ્નેહ અને હૂંફને છલોછલ ભરી દીધું છે.

કોઇપણ મુશ્કેલી કે સમસ્યા હોય ત્યારે ઉકેલ માટે 'આપણે શું કરી શકીએ' એવો અભિગમ વ્યક્તિને સ્થિતિનો સામનો કરવા માટે વધારે મજબુત બનાવે છે. તેથી જ તેમાંથી પરિણામ મેળવવાની શક્યતાઓ પણ વધી જાય છે. આવા જ હકારાત્મક અભિગમ સાથે શેખ મોહમ્મદ નબીબ અન્ય પિતા માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. નબીબ ભાઈનું બાળક હબીબ એ માઇલ્ડ આઈ.ડી અને સી.પી. છે. તેના વિકાસ માટે એક પિતા તરીકે નબીબ ભાઈ પરિસ્થિતિનો સ્વીકાર કરી એક પિતા તરીકે તેમની સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે.



પ્રભાતના બેરલ માર્કેટ સેન્ટર પર બે વર્ષના હબીબને જયારે નબીબ ભાઈ લઈને આવ્યા હતા ત્યારે પ્રથમ મુલાકાતમાં જ બાળક માટેની તેમની ચિંતા અને ગંભીરતા જણાઈ હતી. આજે એ બાળકને સેન્ટર માં ત્રણ વર્ષ થઇ ગયા છે. આ ત્રણ વર્ષની સફરમાં એક જવાબદાર પિતા તરીકે તેમણે સેન્ટરની દરેક પ્રવૃતિમાં સક્રિય ભાગ લીધો છે. બાળકનું નિદાન અને તે દિશામાં યોગ્ય સારવારમાં નબીબ ભાઈએ પાછું વળીને જોયું નથી.

બાળકના વિકાસમાં માત્ર માતા નહિ પણ માતા -પિતા બંનેની ભૂમિકા સક્રિય હોવી જોઈએ તે વિચારને સમર્થન આપતા નબીબ ભાઈ બાળકને સેન્ટર પર લેવા મુકવાથી લઈને ઘરે પણ તેની સાથે પ્રવૃતિઓ કરાવે છે. વળી પોતે જે બાળક સાથે પ્રવૃત્તિ કરે છે તેને પ્રભાત સેન્ટર દ્વારા ચાલતા વાલીના વોટ્સઅપ ગ્રુપમાં પણ નિયમિત શેર કરે છે. જેને લીધે બીજા પિતા પણ તેની નોંધ લે છે.



નબીબ ભાઈ પોતાના બાળકની સ્થિતિને સમજવા અને તે દિશામાં પ્રયાસો થાય તે માટે ગંભીર હોતા સમયાંતરે સેન્ટર પર સ્પેશયલ એજ્યુકેટર સાથે હબીબની પ્રગતિ વિષે સંવાદ કરે છે. તેમની આ સક્રિયતા ને લીધે હબીબ માટે જે પણ વ્યક્તિગત આયોજન કરવામાં આવે છે તેમાં અપેક્ષિત પરિણામ પણ જોઈ શકાયું છે. આજે, હબીબ સ્વતંત્ર રીતે ચાલી શકે છે, દૈનિક ઉપયોગમાં લેવાતી વસ્તુઓને ઓળખી શકે છે તથા 1 થી 10 સુધી ગણતરી પણ કરી શકે છે. આ બદલાવથી નબીબ ભાઈને વધારે પ્રોત્સાહન મળે છે તેથી તેઓ ગુણવતા વાળો સમય આપે છે.

સામાન્ય રીતે પિતા કહે છે કે તેમને સમય ન હોવાને લીધે બાળક સાથે રહી શકતા નથી. પરંતુ આવી સ્થિતિમાં નબીબ ભાઈ પાસેથી શીખવું જોઈએ કે, બાળક માટે સમય ન હોય પણ સમય ' કાઢી ' શકાય છે. આમ, નબીબ ભાઈએ બાળકને સંપૂર્ણ રીતે સ્વીકાર કરી તેના ઉછેરમાં સ્નેહ અને હૂંફને છલોછલ ભરી દીધું છે.

## કાર્યક્રમની ઝલક

**એસેસમેન્ટ** : સમયાંતરે બાળકોનું એસેસેમેન્ટ તેના વિકાસ અને સ્થિતિને વર્ણવે છે. તેથી જ પ્રભાત ના દરેક સેન્ટર પર આ પ્રક્રિયા નિયમિત રીતે કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ મહિનામાં 56 મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન, 7 ફિઝિયોથેરાપી મૂલ્યાંકન અને 23 સ્પીચ થેરાપી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકન પરથી બાળકનું વ્યક્તિગત આયોજન કરી એ દિશામાં દરેક ટીમ કાર્ય કરે છે.



**વાલી મીટીંગ** : બેરલ માર્કેટ, કાંકરિયા શાળામાં વાલી મીટીંગ કરવામાં આવી હતી. જેમાં બાળકને નિયમિત થેરાપીની ગંભીરતા અને દવાની નિયમિતતા બાબત પર ભાર મુકવામાં આવ્યું હતું. કઈ રીતે નાની એવી બેદરકારી બાળકના વિકાસ માટે અડચણ રૂપ કે ક્યારેક ગંભીર પરિણામો લાવે છે તેની વાત કરવામાં આવી હતી. આ ઉપરાંત, સરકારી સહાય તથા જરૂરી બાબતો માટે બાળક માટે જરૂરી દસ્તાવેજ ની અગત્યતા ને લઈને ચર્ચા કરવામાં આવી હતી. વાલી ને આ દસ્તાવેજો સમયાંતરે રીન્યુ કરાવવા તેની પ્રક્રિયા શી છે તેની સમજ આપવામાં આવી.



**સ્ટાફની કાર્ય પ્રગતિ અને આયોજન માટેની બેઠક:** ટીમના સભ્યોને છેલ્લા છ મહિનામાં તેમની કાર્ય પ્રગતિની સમીક્ષા કરવાની તક પૂરી પાડતી સ્ટાફ મીટિંગ યોજાઈ હતી. દરેક સભ્યએ તેમની સિદ્ધિઓ, શીખવાના અનુભવો અને પડકારો રજૂ કર્યા હતા. આ અનુભવો અને શીખ પરથી આગળના વર્ષની દિશા નક્કી કરવાનું ભાથું મળ્યું હતું.

***નવા પ્રવેશ : પ્રભાત સેન્ટર અને રિસોર્સ રૂમમાં આવ્યા નવા સભ્યો: બેરલ માર્કેટ માં 3 બાળકો અને ભાઈપુરા સેન્ટર પર 5 એમ કુલ્લ 8 બાળકો પ્રભાત માં જોડાયા છે.***

## હિમાયત (એડવોકસી )

- **આંગણવાડી કાર્યકરના મહિલાઓની મુલાકાત** : પ્રભાત સમાવેશી સમુદાયના બહોળા વિઝનને પરિપૂર્ણ કરવા માટે સરકાર અને સંસ્થા સાથે વિવિધ સ્તરે જોડાય છે અને સંસ્થાના અનુભવોનું આદાનપ્રદાન કરે છે. જે અન્વયે નિકોલ માં C-MAM તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ મહત્વપૂર્ણ મેળાવડામાં આશરે 1,000 આંગણવાડી કાર્યકરો અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ જોડાયા હતા. આંગણવાડી કાર્યકરો માટે પ્રભાતે વિશેષ જરૂરિયાતો ધરાવતા બાળકોને સહાયતામાં તેમનાં કાર્યની રજૂઆત કરી હતી. આંગણવાડી કાર્યકરોને પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણના અદ્યતન જ્ઞાનથી સજ્જ કરવાથી તેઓ તેમના કેન્દ્રોમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવા માટે સશક્ત બનશે, જે તમામ બાળકો માટે સારી સંભાળ અને સમાવેશને પ્રોત્સાહન આપશે.




- **એલ.જે. કોલેજ સાથે ઇન્ટર્નશીપને લઈને કાર્યક્રમ** : 'યુવા' વર્ગ એ પ્રભાત માટે હંમેશા મજબુત હિતધારક રહ્યું છે. તેથી જ વિવિધ યુનિવર્સીટી , કોલેજ સાથે પ્રભાત જોડાણ કરે છે. પ્રભાત માને છે કે સમાવેશી સમુદાયની આ સફરમાં યુવાનોની કુશળતા અને અભિગમ સાથે પ્રભાતના કાર્યના અનુભવથી મળતી સંવેદનશીલતાનું સામંજસ્ય સમાવેશી સમુદાય માટે એક મજબુત પરિબળ બની શકે એમ છે. આ જ દિશામાં એલ.જે. યુનિવર્સીટી તરફની પહેલથી BBA વિદ્યાર્થીઓ વિવિધ કાર્ય માટે પ્રભાત સાથે ઇન્ટર્નશીપ ના માધ્યમથી જોડોવવાનો અવસર મળ્યો છે. ૩૦ વિદ્યાર્થીઓ પ્રભાતના વિવિધ વિષયો સાથે કાર્ય કરશે જેમાં સંસ્થા અને વિદ્યાર્થી બંને તરફથી શીખવાની પ્રક્રિયા થશે. જે બંનેને કંઇક નવીન પ્રદાન કરશે. તેમના તરફથી થનારી પ્રવૃતિઓને આવતા રોશનીના અંકમાં જોઈ શકીશું.



- **ઇન્ટર્નશીપ : એન.આઈ. ડી. ના** એક્ઝિબિશન ડિઝાઇનિંગ ડિપાર્ટમેન્ટ માંથી વિદ્યાર્થી દ્વારા તેમનું ડિઝાઇન કરેલ પ્રોડક્ટ નું સ્ટુડન્ટ અને ટીચર્સ સાથે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું સાથે જ ટીચર્સ દ્વારા ફીડબેક આપવામાં આવ્યું. તેમણે થર્મોકોલ કલેમાંથી વિવિધ ઓબજેક્ટ બનાવવામાં આવ્યા જેથી બાળકને રમતાં રમતાં શીખવી શકાય. ADL પ્રવૃત્તિ માટે ટુથ બ્રશ, ટુથ પેસ્ટ, સાબુ, કાંસકો વસ્તુઓની ઓળખ સાથે ક્રમબદ્ધતા વિષે માહિતી આપવામાં આવી. આમ, સ્પેશયલ એજયુકેટર ના અનુભવોએ આ પ્રોડક્ટ ને વધારે અસરકારક બનાવવા પ્રતિસાદ આપ્યો હતો.

**અદાણી મેરેથોન 2024 સાથે જોડાણ** : 24મી નવેમ્બરના રોજ અદાણી મેરેથોનમાં તેમના અધિકૃત ચેરિટી પાર્ટનર Aidbees સાથે સહયોગમાં ભાગ લીધો હતો. જેમાં 20,000 થી વધુ દોડવીરોએ ભાગ લીધો હતો. અહી પ્રભાતે જાગૃતિ માટે લોકો સાથે સંવાદ કર્યો અને બ્રોશર દ્વારા પ્રભાતની માહિતી પણ આપવામાં આવી. આ નેટવર્કિંગ માટે ઉત્તમ પ્લેટફોર્મ બની રહ્યું હતું.



## મારી વાત



**બાળ દિવસની ઉજવણી** : 14 નવેમ્બર – બાળ દિવસની ઉજવણી પ્રભાત માટે વિશેષ હોય છે. બાળકો સાથે તેની ઉજવણી ઉમંગ અને ઉલ્લાસ સાથે કરવામાં આવી હતી. બાળકો સંગીત ખુરશી મન ભરીને રમ્યા તો બાળકો આર્ટ એન્ડ ક્રાફ્ટથી વિવિધ આકર્ષક વસ્તુઓ બનાવતા શીખ્યા. તેમના ચહેરાનું સ્મિત હંમેશા પ્રભાત ને તેના વિઝન માટે આગળ વધવા પીઠબળ પૂરું પાડે છે. આ દિવસ પ્રભાતને હંમેશા તેમના અધિકારો, કલ્યાણ અને સમાવેશ માટે હિમાયત કરવાની અમારી સામૂહિક જવાબદારીની યાદ અપાવે છે. બાળપણની અમૂલ્ય ભેટની ઉજવણી કરીને, અમે દરેક બાળક માટે સમાન અને સર્વસમાવેશક ભવિષ્યના નિર્માણ માટે અમારી સફરને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

## ક્ષમતા વર્ધન



સતત શીખતા રહેવું અને કાર્યમાં સર્જનાત્મકતા અને અસરકારતા લાવવા માટે ક્ષમતાવર્ધન હંમેશા અગત્યનો ભાગ ભજવે છે. જે અન્વયે પ્રભાતને સમાવેશી શિક્ષણ માટે સહયોગ કરતા વિપ્રો ફાઉન્ડેશન ( https://www.wiprofoundation.org/ ) દ્વારા યોજવામાં આવેલી આર્ટ એન્ડ ક્રાફ્ટની ક્ષમતાવર્ધન ટ્રેનિંગમાં કાશ્મીરાબેન અને નિકુલભાઇએ હાજરી આપી હતી. જેમાં આર્ટ સાથે બાળકના વિકાસની વાત મહત્વની હતી. એજ્યુકેટર માત્ર માર્ગદર્શકની ભૂમિકામાં રહી બાળકને સ્વતંત્ર વિચાર માટે માર્ગ મોકળો કરવાનું કાર્ય કરવાનું છે. બાળકની અભિવ્યક્તિ મહત્વની છે. આ તાલીમ બાદ, બંને ટીમના સભ્યોએ પ્રભાત ના અન્ય સભ્યોનો સાથે પણ આ પ્રક્રિયા કરી હતી.

આમ, શીખીને આવ્યા બાદ ટીમ સાથે શીખવવાની ભૂમિકા કરતા ટીમમાં નેતૃત્વ ની કુશળતા વિકસીત થાય છે. સાથે કાર્યમાં જે અપેક્ષિત પરિણામ લાવવું હોય તે માટે દરેક સભ્યોની એક સમાન વિચાર બને છે.

## ડોકિયું – પ્રભાત સેન્ટર પર મુલાકાત



**હેલ્થ ઓફિસર અને CDPO દ્વારા ભાઇપુરા સેન્ટરની મુલાકાત લેવામાં આવી પ્રભાતની કામગીરીને સમજી આંગણવાડી સાથે થતા કાર્ય બાબતે ઊંડાણ પૂર્વકની ચર્ચા કરવામાં આવી.**



વટવા સેન્ટર પર EGNIOL કંપની ગ્રુપ દ્વારા વિઝીટ કરવામાં આવી



ઓ.એન.જી.સી. ના પ્રતિનિધિ દ્વારા ભાઈપુરા સેન્ટર ની મુલાકાત કરવામાં આવી. જેમાં વોકેશનલ યુનિટ દ્વારા ચાલતી પ્રવૃત્તિ વિષે તેમણે વધુ માહિતી મેળવી અને બાળકો આત્મનિર્ભર બને તે દિશામાં કાર્યને બિરદાવ્યું હતું.

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -01, રેલ્વે પાસ માટેના ફોર્મ -02, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -05, પેન્શન માટેના ફોર્મ -06 માટે પ્રક્રિયા કરવામાં આવી.